# વિદાય લેનાર માટે સ્પીચ

PDFSeva.com

આજે વિદ્યાર્થીઓના વિદાય પ્રસંગે હું વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે પ્રતિભાવો આપતાં શું કહેવું? એ જ સૂજતું નથી. વિદાય..વિદાય શબ્દ જ દુઃખ આપે છે. જીંદગીનો અમૂલ્ય અવસર જો વિતાવ્યો હોય તો એક પારણામાં અને એક શાળામા, પારણામાં નિશ્ચિત ત્યા નથી હોતુ વિદાયનું કે નથી હોતુ આગમનનું હર્ષ. પણ શાળામાં જગતને સમજવાના કારકીર્દી ઘડવાના નાના નાના સપનાઓ સાથેનો આ સમય પૂર્ણ થાય છે ત્યારે અમે વિદ્યાર્થીઓ આ શાળાનું પ્રાંગણ છોડતાં દુઃખ અનુભવીએ છીએ. જીવનના દરેક સોપાને માર્ગદર્શન આપતાં અમારાં ગુરુજનો સ્પર્ધાત્મક જીવનમાં ટકી રહેવા માટે શાળામાં અવનવી સ્પર્ધાઓ યોજી અમારામાં રહેલું વ્યક્તિત્વ બહાર કાઢવાના સફળ પ્રયાસો કરનાર ગુરૂજનોને અમારે છોડવા પડશે તેવી કલ્પના પણ નહોતી કરી તે હકીકત બની અમારી સામે આવી રહી છે ત્યારે આજ તમામ વિદ્યાર્થીઓ જાણે પોતાના પિયરને પારકું કરતી દિકરી જેવું દુઃખ અનુભવીએ છીએ. તમે અમારી પ્રગતિ ઇચ્છો છો તેથી આ શુભેચ્છા સમારંભ યોજ્યો છે તે બદલ સર્વ ગુરુજનોનો તથા મારી નાની બહેનો/ભાઈઓનો તમામ વિદ્યાર્થીઓની વતી હું આભાર માનું છું. શાળાકીય જીવન શરુઆતથી અંતના વર્ષોમાં એક આગવું મહત્વ ધરાવે છે અને તેનું સંસ્મરણ તો રણમાં વિરડી સમાન હોય છે.તમારાં આર્શીવાદ અમારી જીવનનૈયાને પાર ઉતારશે. આ શાળાના સંભારણા તો ક્યારેય નહી ભૂલાય. આપણી શાળા જેવી ક્યાંય બીજી શાળા નથી. અમારી ભૂલોની ક્ષમા યાચુ છું તથા જ્યા જઈશું ત્યાં આપણી શાળાના સંસ્કાર દિપાવવા તેની મહેક પ્રસરાવવા તમામ પ્રયત્ન કરીશું.

અંતમાં,

**બીતે હુએ લમ્હો કી કસક સાજ તો હોંગી...**
**યાદો કી મહેંક તો દિલો સાંસમેં હોંગી...**